બિહારી હિદાયતુલ્લાખાન ઇબ્રાહિમખાન
ગામ નગાણા, તાલુકો: વડગામ,
જીલ્લો: બનાસકાંઠા.
તારીખ: ૦૫/૦૭/૨૦૨૩

પ્રતિશ્રી
મામલતદાર સાહેબ.
તાલુકો: વડગામ બનાસકાંઠા

વિષય: વડગામ તાલુકાના ગામ નગાણાની સીમમાં સર્વે નંબર ૯ (નવ)માં આવેલું,
કુકડિયું તળાવ સરકારી દફતરમાં તળાવ તરીકે નિમ કરવા વિનંતી.

શ્રીમાન,

જયભારત સાથે જણાવવાનું કે, વડગામ તાલુકામાં આવેલા ગામ નગાણાની સીમમાં સર્વે નંબર ૯ (નવ)માં ગામથી પશ્ચિમે અને ગામ પાલડી તરફ જનારા કાચા માર્ગ ઉપર મારા અંદાજ પ્રમાણે લગભગ ૨૦ એકરમાં પાણી સંગ્રહ થાય તેવું અને લગભગ વીસ ફૂટ ઊંડું એવું વિશાળ કુકડીયું તળાવ આવેલું છે. આ તળાવ ભૂતકાળમાં આવેલા ભારે વરસાદના કારણે બે વખત છલકાઈને ફાટી ગયું હતું. બન્ને વખત સરકારશ્રી દ્વારા તેને ફરી બાંધવામાં આવ્યું હતું. હાલ પણ આ તળાવ હયાત જ છે, પરંતુ તેમાં પાણી નથી અને તેની પાળો મરામત માગે છે.

કુકડીયા તળાવમાં જ્યારે પાણી ભરાતું, ત્યારે તેની આસપાસના ઘણા મોટા વિસ્તારના ભૂગર્ભ જળ રિચાર્જ થઈને જળવાઈ રહેતા, અને તેનો ફાયદો તેની આજુબાજુ આવેલા બે ત્રણ ગામોને થાય.
આ તળાવ ગૌચરમાં આવેલું છે એટલે જો તેને ભરવામાં આવે તો ગૌચરમાં ચરતા અને વસવાટ કરતાં અસંખ્ય પાલતુ અને જંગલી જીવો માટે જીવાદોરી સમાન સાબિત થાય તેવું છે.

સરકારશ્રીની અને બીજી સેવાભાવી સંસ્થાઓ અને ટ્રસ્ટોની તળાવ ઊંડા કરવાની, તળાવ સાફ કરવાની, તળાવના પાળ રીપેરીંગ કરવાની, તળાવ ભરવાની ઘણી યોજનાઓ આવે છે, પરંતુ આ તળાવ તળાવ તરીકે નિમ થયેલ ના હોવાથી તેનો ફાયદો લઈ શકાતો નથી.

ભવિષ્યમાં મુક્તેશ્વર કે નર્મદાના પાણીથી જો તળાવો ભરવાનું આયોજન થાય તો પણ તે તળાવ તરીકે નિમ થયેલ ના હોવાથી તેનો ફાયદો પણ મળવો અશક્ય છે.

જો આ તળાવ ભરવામાં આવે તો આજુબાજુના ખેતર અને ગામોની પાણીની સમસ્યા પણ હલ થઈ જાય.
આ તળાવને જો તળાવ તરીકે નિમ કરવામાં આવે તો તેનાથી ગૌચર ઓછું થતું નથી, ઉપરથી ગૌચરમાં પાણી ઉપલબ્ધ થવાથી ગૌચર સમૃદ્ધ બનશે અને અનેક વનસ્પતિ વિકસશે.

ઉપરોક્ત વર્ણવેલા સદર આધાર ઉપર આપશ્રીને અરજ કે આ કુકડિયા તળાવને તળાવ તરીકે નિમ કરવા ઘટતી કાર્યવાહી કરવા નમ્ર વિનંતી.

આપનો વિશ્વાસુ
મ.ર. ડોકેલ

નકલ રવાના.
(૧) તાલુકા વિકાસ અધિકારી. વડગામ તાલુકો.
(૨) સરપંચ / તલાટી ગ્રામ પંચાયત નગાણા